
# શ્રી સારસ્વતમ સંચાલિત

# શ્રી પુંજા આણંદજી હાઈસ્કૂલ, નિરોણા

## જુન - જુલાઈ ૨૦૨૪



શાળામાં વૃક્ષારોપણ કરતાં અબડાસા ધારાસભ્યશ્રી પી એમ જાડેજા

નિરોણા હાઈસ્કૂલ ખાતે અબડાસા ધારાસભ્યશ્રી પી એમ જાડેજા તેમજ નિરોણા સરપંચશ્રી એન.ટી.આહિરના હસ્તે શાળાની ઈકો ક્લબ તેમજ એન.એસ.એસ ક્લબના સંયુક્ત ઉપક્રમે શાળા કેમ્પસમાં ૧૮ વૃક્ષો તેમજ ફૂલપીર દાદા સ્થાનકે તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ એમ કૂલ ૪૦ વૃક્ષો રોપવામાં આવ્યા જેમાં શાળાના આચાર્યશ્રી ડો વી એમ ચૌધરીના માર્ગદર્શનમાં ઈકો ક્લબ ઈન્ચાર્જ શ્રી એ એચ જાની અને એન.એન.એસ પ્રોગ્રામ ઓફિસર શ્રી રમેશભાઈ ડાભી સાથે સ્વયં સેવકો જોડાયા હતા.

### નિરોણાની હાઈસ્કૂલનાં પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

। ભુજ । ( સંદેશ પ્રતિનિધિ )

નિરોણા ખાતે સારસ્વતમ્ સંચાલિત પી.એ.હાઈસ્કૂલ ખાતે NSS, ઈકો ક્લબ



તેમજ SPCના સંયુક્ત ઉપક્રમે મારી શાળા, હરિયાળી શાળા અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. વી.એમ.ચૌધરીનાં માર્ગદર્શનમાં એન.એસ.એસ. ઓફિસર રમેશભાઈ ડાભી, ઈકો ક્લબ અને એસ.પી.સી. ઓફિસર અલ્પેશભાઈ જાનીના સંકલન વડે ત્રણે ટીમના સ્વયંસેવકોનાં સંયુક્ત પ્રયાસથી શાળાના પ્રાંગણમાં પર્યાવરણ બચાવવાના ઉમદા હેતુથી અલગ અલગ પ્રકારના છોડવાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. એક બાળ, એક છોડનાં સૂત્ર સાથે દરેક વિદ્યાર્થીઓએ જીવનમાં કમસેકમ એક વૃક્ષ વાવી ઉછેરવાનો સંકલ્પ પણ લીધો હતો.



